# યુપીએ સરકારે શાસન ચલાવવાનો દૃઢ નિર્ધાર ગુમાવી દીધો છે

**અરૂણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

યુપીએ સરકાર અનેક મુશ્કેલીઓથી ઘેરાઈ ગઈ છે. હવે તો સરકારની નિર્ણય લેવાની ક્ષમતા વિશે પણ શંકા ઉપજી રહી છે . અર્થતંત્રમાં તેજી આવતી નથી. પ્રધાનો વચ્ચે કોઈ સંકલન નથી. ભ્રષ્ટાચારથી સરકાર ની છબી ખરડાઈ ગઈ છે.

વડાપ્રધાન લોકપ્રિય નેતા હોવાનું બની શક્યા નથી. તેમના અનુગામી નેતા બાબતે યુપીએ કોઈ જાહેરાત કરતી નથી. કોંગ્રેસ નેતાઓ સાથે ટૂંકમાં વાતચીત કરવાથી તેઓના મનનો વિષાદ જાણી શકાય છે. યુપીએ સરકારે શાસન ચલાવવાનો દૃઢ નિર્ધાર ગુમાવી દીધો છે. તેના નેતાઓમાં લડાયક મિજાજનો અભાવ જણાઈ રહ્યો છે. યુપીએની બિનકાર્યક્ષમતા અને ઝંખવાયેલી છબી બે ભૂલો પર આધારિત હતી. તેના પ્રધાનો અને નેતાઓ સત્તાના ઘમંડમાં બેફામ નિવેદનો કરતા રહ્યા. તેઓ એવું માનવા લાગ્યા હતા કે સત્તા અમર છે અને અન્ય રાજકીય પક્ષો પોતાને ક્યારેય હટાવી નહિ શકે. આવો વધુ પડતો પ્રચાર જોખમો પણ ધરાવે છે. જનતાને આવો ઘમંડ પસંદ નથી. એટલે જ હવે યુપીએ નેતાઓ પોતાના માટે પ્રચાર ખરીદી રહ્યાં છે. સંસદના તાજેતરમાં જ પૂર્ણ થયેલા સત્રમાં સરકારે ક્ષમતા અને દૃઢ નિર્ધાર ગુમાવી દીધાનું જણાતું હતું. સંસદનું સત્ર ચલાવવા માટે કોઈ પ્રયાસ કે વિચારવિમર્શ કરવામાં આવ્યા ન હતા. સત્રને અધવચ્ચેથી છોડી દેવામાં આવ્યું હતું . આવી અવ્યવસ્થા

માટે યુપીએના સભ્યો, તેમના સાથીપક્ષો અને ટેકેદારો મુખ્યત્વે જવાબદાર હતા. યુપીએ દ્વારા ફોર્મ્યુલા સ્વીકારવાનો ઈનકાર કરતાં લોકપાલ ખરડો ઘણા વર્ષો સુધી વિલંબમાં મૂકાયો હતો. તેઓએ અણ્ણા હજારેની ટીમ સાથે વાટાઘાટો તોડી નાખી હતી. તેઓએ 29/12/2011ના રોજ લોકપાલ ખરડા બાબતે મેં સૂચવેલા સુધારા સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને મધ્યરાત્રિએ સત્ર સ્થગિત કરવામાં આવ્યું હતું. તેઓએ પ્રવર સમિતિની ભલામણો સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો હતો. ઘમંડ સંપૂર્ણ પતન તરફ દોરી જાય છે તે બાબત તેઓના ધ્યાનમાં આવી છે. અગાઉ કરાયેલા સૂચનોની હવે તરફેણ કરવામાં આવી રહી છે. તેઓના નેતાઓએ પણ જૂના સૂચનોને ટેકો આપવાનો નિર્ણય લેવો પડ્યો છે. લોકસભામાં બે વર્ષ પહેલાં શું થયું હતું તેને તેઓ ભૂલી ગયા. આ પ્રક્રિયામાં તેઓએ ખેલ બદલ્યો છે અને હવે તે દિશામાં જ દલીલો કરે છે.

આપ પક્ષ સાથેના વ્યવહારમાં યુપીએની રાજરમત શું છે? તેઓ આપ પક્ષને કોંગ્રેસની બી-ટીમ તરીકે ગણાવે છે. તેઓમાં લડાયક મિજાજનો અભાવ ધરાવે છે. આંધ્રપ્રદેશમાં તેલંગાના મુદ્દે કોંગ્રેસ કોકડું ગૂંચવાયેલું રાખવા માગે છે. દેખીતી રીતે તેમાંથી અલગ રાજ્ય બનાવવા માટે મંત્રણાના ટેબલ પર આંધ્ર પ્રદેશમાં બંને વિસ્તારો પ્રતિનિધિઓ લાવવા જોઈતા હતા, પણ સરકારે તે ક્ષમતા ગુમાવી દીધી હોય તેમ લાગે છે . અર્થતંત્રને ફરી ધમધમતું કરવા કોઈ ખાસ પગલાં લેવામાં આવી રહ્યા નથી. ભ્રષ્ટ સરકારે તમામ મોરચે પોતાની છબી ઉજળી બનાવવા માટેની કોશિશો શરૂ કરી છે . યુપીએના નેતાઓ પોતાની ભૂલોમાંથી કંઈ શીખ્યા નથી. 2 જી કૌભાંડ પરના ખોટા જેપીસી અહેવાલને ચર્ચા વગર ધકેલવામાં આવે છે. આવી બાબતો યુપીએ સરકારને ભારે પડી રહી છે. સંસદના સત્રના છેલ્લા દિવસે, ગૃહ પ્રધાને રાજ્યસભામાં કોમી હિંસા ખરડા દ્વારા દબાણ લાવવાનો પ્રયાસ

કર્યો હતો. આ ખરડો વિભાજનાત્મક છે . તે સમાજનું ધ્રુવીકરણ કરવા માગે છે. તે બંધારણના મૂળભુત માળખાનું ઉલ્લંઘન કરે છે.

હવે નિસ્તેજ યુપીએ સરકારે એક વિદાય થવાની ઘડીઓ ગણાવા લાગી છે. યુપીએ સરકારની હાલત હકીકતમાં એક મૃત બતક જેવી થઈ ગઈ છે .